**બિડાણ :** પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૮/૧૧/૨૦૨૪ ના પત્ર ક્રમાંક : ૧૮૬/STB/RB/F.No./ટ્રાફિક નિયમ- અમલવારી/ હેલ્મેટ/૧૦૫૮/૨૦૨૪

**વિષય : દ્વિ – ચક્રી વાહન ચાલકને ફરજીયાત હેલ્મેટ પહેરવા બાબત.**

---

જા.નં.નકૃયુ/રજી/એડીએમ ૩.૨ /૧૦૭૭૯-૨૯ /૨૦૨૪ | તા.૨૯ /૧૧/૨૦૨૪

સામેલ : ઉપર મુજબ

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના** :

૧. અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

૨/- આ સાથે સામેલ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૮/૧૧/૨૦૨૪ ના પત્ર ક્રમાંક : ૧૮૬/ STB/RB/F.No./ટ્રાફિક નિયમ- અમલવારી/ હેલ્મેટ/૧૦૫૮/૨૦૨૪ નો પત્રમાં જણાવેલ સૂચનાઓ ધ્યાને લઈ અમલ થવા સારૂ.

# Gujarat Police

**Office of the IG of Police (STB)**
**Gujarat State, Sector No 30,**
**Block No.201/1 & 201/2, G-1 Type,**
**Gandhinagar - 382030**
**Phone-079-232 61224 Fax: 079-232 61225**
**E-Mail: dgp-stb-br@gujarat.gov.in**


---

**ક્રમાંક:**૧૮૬/STB/RB/F.NO. /ટ્રાફિક નિયમ-અમલવારી/હેલ્મેટ/ ૨૦૫૮ /૨૦૨૪, તા.૧૮/૧૧/૨૦૨૪.

**પ્રતિ**

ગુજરાત રાજયની તમામ યુનિવર્સિટીઓના
વાઇસ ચાન્સલરશ્રીઓ.

**વિષય:** દ્વિ-ચકી વાહન ચાલકને ફરજીયાત હેલ્મેટ પહેરવા બાબત.
**સંદર્ભ:** નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનાઓની કચેરીના પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2024/5873/T, તા.૧૯/૧૦/૨૦૨૪

રાજયમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ/કોલેજોમાં અંદાજીત ૧૬.૪ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓ અવર-જવર માટે મોટા ભાગે દ્વિ-ચકી વાહનોનો ઉપયોગ કરે છે.

રાજયમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન માર્ગ પર અકસ્માત થવાના કારણે કુલ ૭,૮૫૪ લોકો મૃત્યુ પામેલ હતા, જેમાં ૨,૭૬૭ (૩૫%) લોકોના મૃત્યુ હેલ્મેટ ન પહેરવાને કારણે થયા હતા. આ ઉપરાંત કુલ જીવ ગુમાવનારમાંથી ૨,૦૮૨ (૨૬.૫૦%) વ્યકિત ૨૬ વર્ષની નીચેની વયના છે, જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. આ વયજુથમાં મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હોય છે.

માર્ગ સુરક્ષા આજના સમયમાં અત્યંત મહત્વપૂર્ણ મુદ્દો છે. હેલ્મેટ પહેરવુ એ એક સરળ પરંતુ અત્યંત અસરકારક પગલુ છે. હેલ્મેટનો ઉપયોગ કરવાથી માથાના ભાગે ઘાતક ઇજાના જોખમને ઘટાડી શકાય છે. જે ગંભીર ઇજાઓને રોકી શકવામાં મદદરૂપ થાય છે અને જીવ બચાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૨૯ મુજબ દ્વિ-ચકીય વાહન ચાલક તેમજ પાછળ બેસનાર વ્યકિતએ **હેલ્મેટ પહેરવું ફરજીયાત** છે.

તાજેતરમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે *suo-motu* રીટ પીટીશન દાખલ કરેલ છે. જે અંતર્ગત નામદાર હાઇકોર્ટ દ્વારા દ્વિ-ચકી વાહન ચલાવનાર તેમજ તેની પાછળ બેસનાર વ્યકિતએ ફરજીયાતપણે હેલ્મેટ પહેરવા અંગેની અમલવારી કરવા જણાવેલ છે. આ ઉપરાંત રાજયની તમામ સરકારી કચેરીઓના

PS to R
circulate

18 NOV 2024

પરિસરમાં દ્વિ-ચક્રી વાહનનો ઉપયોગ કરતા અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ માટે હેલ્મેટ પહેરવા અંગે જરૂરી સૂચના ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

રાજયની તમામ યુનિવર્સિટીઓ (ખાનગી/સરકારી) પણ પોતાના તમામ અધિકારી/કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરવા પ્રોત્સાહિત કરે તે માટે આપના સહકારની વિનંતી છે.

**(વિકાસ સહાય)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી,
ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાનાઃ (જાણ સારૂ)</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.
- પોલીસ કમિશનરશ્રી(અમદાવાદ/સુરત/રાજકોટ/વડોદરા), શહેર.
- પોલીસ અધિક્ષકશ્રીઓ(વે.રે.વડોદરા/અમદાવાદ સહિત), તમામ.

કુલસચિવ
18 NOV 2024
એડીએમ-3 શાખા

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
18 NOV 2024
૪૬૩૭
એડીએમ-3 શાખા